अर्हं.

પરમાત્માને પગલે.

(૧)

In His Footsteps.

લેખક:-પંડિત લાલન.

પ્રકાશક,

મેસર્સ મેઘજી હીરજીની કું.

પાયધુની-મુંબઈ.

અર્પણ.

સ્વર્ગસ્થ પૂજ્યપાદ ૧૦૦૮ શ્રી કરમચંદજી સ્વામીની પવિત્ર સ્મૃતિમાં.

માત્ર એકજ વખતના આપના દર્શનથી, જે નિર્મળ ચારિત્રની પ્રભા મારા હૃદયપટ ઉપર પ્રતિબિમ્બિત થવા પામી છે, તે પરથી હું સંત-મહંતોના સમાગમનો પ્રભાવ સમજવા સશક્ત થયો છું. આપના એ ચારિત્રના પ્રકાશને જ્યારે સ્મરૂં છું, ત્યારે મારો ભક્તિભાવ વિશેષ ઉલ્લસિત થાય છે, અને એવી ભાવના થાય છે કે આ પુસ્તક આપનાજ સ્મરણાર્થે સમર્પાય તો યોગ્યને યોગ્ય સ્થાને ગ્રંથ્યું ગણાય. અસ્તુ.

चरणरज,

मेघ.

ૐ

પરમાત્માને પગલે.

નં. ૧

In His Footsteps.

શ્રી વીરચરણ ઉપાસક,

લઘુતમ લાલન.

પ્રકાશક,

મેસર્સ મેઘજી હીરજી એન્ડ કું.

તરફથી મેઘજી હીરજી.

જૈન બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ,

૫૬૬, પાયધુની-મુંબઈ.

આવૃત્તિ બીજી. પ્રત ૧૦૦૦.

સને ૧૯૧૨. વીર સંવત ૨૪૩૮.

મૂલ્ય બે આના.

અમદાવાદ શ્રી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

ॐ

અગ્રવચન.

પ્રિયતમ અનન્ય બાંધવો અને બ્હેનો,

જો તમે વૈષ્ણવ હો તો વિષ્ણુ પરમાત્માને પગલે, જો તમે ક્રિશ્ચિયન હો તો લૉર્ડ ક્રાઇસ્ટને પગલે, જો બૌદ્ધ હો તો બુદ્ધ ભગવાનને પગલે, જો જૈન હો તો શ્રી વીર પરમાત્માને પગલે ચાલવા પ્રયત્ન કરો. આ ઢબે તેવાં પુસ્તક રચો–રચાવો. તેનાપર મનન કરી ક્રિયામાં મુકો તો જગત્ ધર્મમાં સદ્‌ગુણ અભિવૃદ્ધિ થઇ આ પ્રગતિના સુલભ કાળમાં વિશેષ નહિ તો સર્વત્ર માનવકુટુંબમાં તો, સુસંપનું પરમસુખ અહીંજ આપણે અનુભવીશું.

લી. પરમાત્મ ચરણ ઉપાસક,

લઘુતમ લાલન.

પરમાત્માને પગલે.
In His Footsteps.

આત્મ ત્રિપુટી.

ખંડ ૧ લો.

ભાગ ૧ લો.

પ્રકૃતિ એક છે છતાં તમસ્, રજસ્ અને સત્વ[1] એવા ત્રણ ગુણવડે નાના સ્વરૂપે દશ્ય થાય છે; તેમ મનુષ્ય એક છે, છતાં તે આત્મા, મહાત્મા, અને પરમાત્મા એ ત્રણે સ્વરૂપે અનાદિ કાળથી પ્રતીત થયા કરે છે.

---

૧. દર્શનમોહિની એક છે છતાં મિથ્યાત્વ, મિશ્ર, સમકિત એમ ત્રણ રૂપે વ્યવહારાય છે.

જગતમાં વસ્તુ બે સ્વરૂપે દેખાય છે, જડ અને ચૈતન્ય. એમાં મનુષ્ય કેવળ માટીનું પુતળું નથી, કારણકે જે અનુભવ માટીનું પુતળું નથી કરાવી શકતું તેવા માટીના પુતળાને–મનુષ્યે બનાવ્યા ઉપરાંત અનેક અનુભવ આપણને માણસ પોતા વિષે કરાવે છે; તેમજ કેવળ મનુષ્ય ચૈતન્ય સ્વરૂપ નથી, કારણ મનુષ્યના શરીર, ઈંદ્રિયો, મન અને તેની ક્રિયા જડપણું પ્રતીત કરાવે છે. આમ માનવ પ્રાણી નથી કેવળ ચૈતન્ય સ્વરૂપ, કે નથી કેવળ જડસ્વરૂપ; જડ—ચૈતન્ય ઉભયાત્મકરૂપ—તેના મિશ્રણ રૂપ છે. તથાપિ—જડ ચૈતન્ય મિશ્રણવાળું મનુષ્ય, આત્મા, મહાત્મા, અને પરમાત્મા પણ છે. તે દેખાડવાનો આ પ્રયત્ન છે, અને તે કઈ અપેક્ષાએ એ ત્રણ સ્વરૂપે હોઇ શકે તે જણાવવાની લેખકની જિજ્ઞાસા છે.

જ્યારે ખાણમાંથી સુવર્ણને કે હીરાને બહાર કાઢવામાં આવે છે, ત્યારે તે માટી આદિ મેલથી ભરેલું હોય છે; અને જેમ જેમ માટી, મેલ, કચરાને દૂર કરવામાં આવે છે તેમ તેમ તે મિશ્રિત

સુવર્ણ (Gold–ore) તેમજ તે મિશ્રિત હીરો મેલ દૂર કરવામાં આવ્યાથી વિશુદ્ધ, વિશુદ્ધતર[1] અને વિશુદ્ધતમપણું[2] પામે છે; તેમજ મનુષ્ય પણ તમસ્, રજસ્, અને સત્વગુણોની વિશુદ્ધિવડે આત્મા, મહાત્મા અને પરમાત્મા ગણાય છે. જેમ માટી દૂર થતાં સુવર્ણના મૂલ્યમાં કોડીગણી[3] કિંમત વધે છે, અને હિરાના મૂલ્યમાં સેંકડો ગણી કિંમત વધે છે, તેમ તમોગુણવાળો આત્મા, રજોગુણી અને એવા રજોગુણવાળો મહાત્મા વિશુદ્ધતમપણું પામી સત્વગુણવાળો થઈ પરમાત્મપણું પામી, પોતાની કિંમતમાં અવર્ણનીય મૂલ્ય વધારી શકે છે.

જેમ હીરો ખાણમાંથી નીકળે છે, તેમ મનુષ્ય ગર્ભમાંથી નીકળે છે. જેમ હીરાપર ગમે તેવી માટી વળગી હોય છતાં તે નક્કર હીરો પોતાના સ્વરૂપમાં જરા પણ ભેદ પામતો નથી, તેમ આત્મા પોતાના નિજસ્વરૂપની અપેક્ષાએ ભેદપણું પામતો નથી, કે પોતાના સ્વભાવનું નિશ્ચયનયે વિશુદ્ધત-

---

૧. Purer; ૨. Purest; ૩. વીશગણી.

મપણું બિલકુલ છોડતો નથી.[1]

જેમ હીરાની વીંટી નીચે ડાંક[2] હોવાથી હીરામાં નાનાપણું પ્રતીત થાય છે, તેમ મનુષ્ય શરીર એ વાંટી છે; અને તેમાં તમોગુણ, રજોગુણ કે સત્વગુણ એ ડાંક છે અને આત્મા હીરાની પેઠે પોતે નિર્મળ સ્ફાટિકવત્ છે. પરંતુ સ્ફાટિક પોતાની નીચે રહેલી વસ્તુને જેમ દેખાડે છે પણ પોતાને દેખાડતો નથી, તેમ આત્માને મનુષ્યના ત્રણ પ્રકારના પ્રકૃતિ સ્વભાવ, કે ત્રણ જાતના કર્મ સ્વભાવને દેખાડે છે પણ પોતે દેખાતો નથી.[3]

ત્રિગુણ—જેમ એક ભમરડાને ફેરવતાં કેટલીક વાર ભમરડો પોતાની અણીપર ફર્યા વગર ધબ લઇને પડી જાય છે; એવા જે મનુષ્યની માનસિક પ્રવૃત્તિ હોય તેને તમો ગુણવાળો સમજવો. આ

---

૧. આ વાતની સત્યતા અનુભવ થતાં પોતાનેજ જણાય છે, અને જો આમ છે તો જે શ્રમ રહ્યો તે વ્યવહારે વિશુદ્ધ, વિશુદ્ધતર, અને વિશુદ્ધતમ થવાનોજ રહ્યો. ૨. Foil. ૩. " રાતે ફુલે રાતળલો રે "

મનુષ્ય શુદ્ધ વ્યવહારે કહીએ તો તે આત્મા ગણાય તેમજ કેટલીકવાર ભમરડાને ફેરવતાં તે પોતાની અણીપર ડોલતો ડોલતો ફરે છે, તે રજોગુણનું ઉદાહરણ છે. તેમજ જે મનુષ્ય શુભ કામ કરતાં સહજ પણ માર્ગે ચડતો ડોલે તો તે મહાત્મા ગણાય. પરંતુ કેટલીક વેળા ભમરડાને ફેરવતાં પોતાની અણીપર સિધો સ્થિર અત્યંત ઝડપથી ફરે છે, અને તે પણ એવી ઝડપે કે જાણે તે ભમરડો સ્થિર હોય, એવી અડોલ પણ અખૂટ પોતાની અણી (Pivet) જેવા નિજસ્વરૂપમાં ફરે–રમે તે[1] પરમાત્માનું ઉદાહરણ કહેવાય.

જગત્માં ઘણા આત્મા છે; થોડા મહાત્મા છે, અને **વીરલ** પરમાત્મા છે.

વળી ઉપર જણાવ્યું તેમ સુવર્ણ કે હીરો પોતાની વિશુદ્ધ સ્થિતિમાં ઘણી કે અત્યંત શોભાવાળો થાય છે, તેમ આત્મા પોતાની અશુભ કર્મની નિવૃત્તિ કરતો અને શુભકર્મની અભિવૃદ્ધિ કરતો ઘણોજ

---

૧. " ચારિત્ર ગુણમાં રમે છે. "

કીર્તિમાન શોભાયુક્ત **મહાત્મા** થાય છે. અને કેવળ પરભાવે અવ્યાપક રહી, સ્વભાવે વ્યાપક રહી, શુભ કરણી કરતો સર્વ જીવ ઉપર ઉપકાર કરતો, **પરમાત્માપણું** પામે છે.

મનુષ્ય પ્રાણી સ્વભાવે અનુકરણશીલ (Imitative) છે, શરીરે સૌંદર્યવાનને નિહાળી પોતે સૌંદર્યવાન્ થવાની, શરીરે બળવાનને જોઇ પોતે બળવાન્ હોવાની, શરીરે સમાકૃતિવાન્ દેખી પોતે સમાકૃતિ બનવાની, શરીરે ચંચળ નિરખી પોતે તેવા હોવાની, જિજ્ઞાસા કરે છે.

આજ પ્રકારે મનુષ્ય જ્યારે કોઇને ધનવાન્ જુએ ત્યારે ધનવાન્ થવાના પ્રયત્ન કરતો, વિદ્યાવાન્ જુએ ત્યારે વિદ્યાવાન થવાના ઉપાયો સેવતો, બુદ્ધિવાન્ દેખી બુદ્ધિવાન્ થવાને નાના પ્રકારના તર્ક—ન્યાય ભણતો જોવામાં આવે છે. કોઇને અધિકારવાન્ દેખી પોતે તેવો અધિકાર પ્રાપ્ત કરવાને મથન કરતો માલૂમ પડે છે. એજ પ્રકારે કોઇ રાજાને જોઈ રાજા

થવાની પ્રવૃત્તિમાં પણ પાછી પાની કરતો નથી. યોગ્યતાવાન્‌ને જોઇ યોગ્યતા પણ હાંસલ કરતો જોવામાં આવે છે. એવીજ રીતે મનુષ્યરૂપ શરીરમાં વિરાજીત આત્મા અશુભ કર્મ છોડી શુભ કર્મ કરવાની પાયરીએ ચડે છે, કે તે **મહાત્માને પગલે ચાલવા માંડે છે.** જાણે કે અજાણે તેની પ્રવૃત્તિનું અવલોકન કરનાર તટસ્થને આ વાત આદર્શ સમાન દેખાઈ આવે છે. અને શુભકર્મમાં પણ અનાસક્ત રહી, જે મહાત્મા પોતાના તન, મન અંતરનું " વર્તન "–પ્રવૃત્તિ, આચરણ પોતે નિરંતર આત્માભિમુખ રહી **" સવી જીવ કરૂં શાસન રસી "** એ ભાવનાના પ્રવાહે ઉપર જણાવેલા પોતાના ત્રિકર્ણું ચલાવે છે, તે મહાત્મા **પરમાત્માને પગલે[1] ચાલતો જણાય છે.** એટલા માટે મનુષ્યનો સ્વાભાવિક ખવાસ ઉચ્ચ સ્થિતિ પામવાનો છે, અને તેને જેમ જેમ વિકાસ આપવામાં આવે છે,[2] તેમ

૧. In His Foot-steps. ૨. વિભાવિક ખવાસ, નીચે પડવાનો છે.

 ૪૨૩૪

તેમ તે પ્રત્યેક પગલે ઉંચે ચડતો જાય છે. આ સ્થિતિ પ્રગટ થવામાં માત્ર જિજ્ઞાસુ બાંધવોએ કે બ્હેનોએ, માતાઓએ કે પિતૃનિર્વિશેષોએ પોતાના સામર્થ્યનો દુરૂપયોગ થતો અટકાવવો, એટલે તે **આત્મસ્વરૂપ** થવાને યોગ્યતાવાળો થયો; અને તેનો ઉપયોગ કરવા માંડયો એટલે તે મહાત્મા બનવાનો. પરંતુ તેનો સદુપયોગ કરતાં એ મહાત્મા **પરમાત્માને પગલે** ચાલતો માલૂમ પડશે.

મનુષ્ય સ્વભાવનું અવલોકન કરતાં, સમાજ-શાસ્ત્રનાં પ્રકરણો વાંચતાં, પ્રત્યેક વાંચક જોઇ શકશે કે ઘણા સેવક પોતાના શેઠની સમૃદ્ધિ જોઇ, તેમને **પગલે ચાલી** પોતે શેઠ થયા છે. ઘણા મનુષ્યો ધનવાન્ થયા છે, ઘણા ગુણવાન્ થયા છે, ઘણા સત્તાવાન્ થયા છે, ઘણા મહાત્મા થયા છે, અને ઘણાક પરમાત્મપદ પણ પામ્યા છે. અને જેમ આવું ભૂતકાળમાં બન્યું તેવું વર્ત્તમાનમાં કે ભવિષ્માં નહિ બને એમ કોઇથી કહી શકાય નહિ. કાળ તો આ-ત્માની સેવામાં ઉભો છે, અને પુદ્દગલાદિ નાનામાંથી

૪૧૭૪

મોટા સ્વરૂપમાં લાવવાનું પરિવર્તન કરવા તૈયાર છે.[૧]

માત્ર તેની પ્રવૃત્તિ ભાવનાપૂર્વક[૨] ઉંચે ચડવાની પૂર્ણ હોવી જોઈએ. કેટલાક શિષ્યોને આપણે મહાન્ ગુરૂ જોઇએ છીએ, તેમ કેટલાક ગુરૂઓને પણ આપણે પરમાત્મા સ્વરૂપ પેખીએ છીએ. આવી વસ્તુસ્થિતિ હોવાથી, વાચક જિજ્ઞાસુ સમક્ષ **શ્રી પરમાત્માને પગલે** (In His Foot-steps) ચાલવા કેવી પ્રવૃત્તિ રાખવી જોઈએ, તેને માટે **શ્રી વીરપરમાત્માના** મંગળ ચારિત્રનું પ્રયોગશીળ દૃષ્ટાંત રજુ કરવામાં આવે છે, અને એ **પરમાત્માને પગલે** ચાલતાં આપણે કેમ પરમાત્માપણું હાંસલ કરી શકીએ[૩] તેની યુક્તિઓ આ

---

૧. Time and space are inverse measures of the Soul. ક્ષેત્ર અને કાળ આત્માની ઉંધી પાયલીઓ છે.–Emerson ૨. With ideal, with will માત્ર વિચાર કે મનોરથો નહિ, પરંતુ ભાવના. Will to rise. ૩. ટૂંકામાં નિશ્ચયે (in reality) પરમાત્મા છીએ અને વ્યવહારે (practically) પણ કેમ પરમાત્માપણું પ્રગટ કરીએ.

લેખમાં દેખાડવા માટે યથાશક્તિ પ્રયાસ કરવામાં આવ્યો છે.

વાચકને ઉત્સાહ પૂર્વક સંબોધન.

આ વિશ્વ ૭ પદાર્થનું–દ્રવ્યનું બનેલું છે અને એ ૭ દ્રવ્યમાં મનુષ્ય પોતે મુખ્ય કેમ છે તે પ્રથમ જોવાનું છે. ૭ દ્રવ્યનાં નામ આ પ્રકારે છેઃ–આત્મા (જીવ), પુદ્દગલ (જડ), ધર્મ, અધર્મ, આકાશ અને [૧]કાળ. આ ૭ દ્રવ્યમાં આત્મા પોતે સેવ્ય (master) છે અને ૭ દ્રવ્ય તેમના સેવકો (servants) છે.

જેમ **ભરત**મહારાજે ૭ ખંડ સાધ્યા, તેથી તે ચક્રવર્ત્તિ કહેવાયા, તેમ આત્મા આખા વિશ્વના ૭એ દ્રવ્યોને સાધવાવાળો હોવાથી, તે જ્યારે તેને સાધી શકે છે ત્યારે તે **જગત્–ચક્રવર્તિ** કહેવાય છે. જુઓ થોડાંક સરલ ઉદાહરણ લઇએ.

લોકો **જળ**ને દેવ ગણતા હોય તો જળ પાસે મનુષ્ય આજે દાસીનું કામ કરાવે છે, અર્થાત્ ઘંટી

---

૨. આ પાંચે અજીવ, (એટલે નિર્જીવ–સત્વ કે સત્તા રહિત જાણે હોય તેવા.)

ચલાવવાનું કામ–દાસીનું કામ જળને સોંપે છે, લાકડાં વેહરાવે છે. **પવનને**[1] કુવામાંથી પાણી કાઢવાનું કામ કરવા ફરમાવી ભિસ્તી બનાવનાર પણ માણસ છે. સૂર્ય પાસે ચિતારો છબી પાડવાનું કામ કરાવે છે. આ જ પ્રકારે મનુષ્યે પૃથ્વીને, પાણીને, અગ્નિને, વાયુને, સૂર્યને, ચંદ્રને, તારાને પોતાના સેવકો બનાવી પોતાની જિજ્ઞાસા અનુસાર કામો સોંપ્યાં છે. અને સાયન્સ (વિજ્ઞાન) અને આર્ટ (કળા)ની અભિવૃદ્ધિ વડે એ પાંચ તત્વરૂપી વિશ્વને પોતાના સ્વાધિન કરવા માંડયું છે. તેજ મિસાલે, આત્માએ મનુષ્યશરીર પુદ્‌ગલોમાંથી રચ્યું છે, અને તે શરીરદ્વારાએ ‘મહી મંડળની મહારાણી’ (The Queen of the cities of the world) રૂપી આ લંડન નગરી અને તેમાં આવી રહેલાં અનેક પ્રદર્શનો અને તેમાં આવેલા અસંખ્ય પદાર્થો, મોટાં મોટાં બીજાં નગરો, મોટાં મોટાં કારખાનાં, મોટાં મોટાં સભામંડળો, રાજ્યો, પા-

---

૧. પવનચક્કી.

લમિન્ટો, ધર્મમંદિરો રચ્યાં, અને રચતો ચાલ્યો જાય છે. આ બધાનું કારણ મનુષ્ય જાત **આત્મા**, પુદ્ગલ દ્રવ્યને પોતાનું સેવક બનાવી શક્યો, તે છે. જ્યારે આત્માને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને રૂપ જોઇએ ત્યારે **પુદ્ગલ** દ્રવ્ય તેની સેવામાં આ આખા વિશ્વમાંથી ઉઠી તૈયાર રહે છે. તેમજ જ્યારે **ગતિ** આત્માને જોઇએ ત્યારે ગતિરૂપે તેની સેવા કરનાર[1] **ધર્મ** ઊભો છે. **સ્થિતિ**રૂપે સેવા કરનાર **અધર્મ** છે. **અવગાહન** રૂપે સેવા **આકાશ** કરી રહ્યું છે. અને જુનાનું નવું કરનાર, અને નવાને જુનું કરી પાછું નવું કરનાર **કાળ** પણ મનુષ્ય આત્માની પાસે તેની સેવામાં હાજર રહે છે. આમ છએ દ્રવ્યો મનુષ્યની–આત્માની–આત્મરૂપી મહાન ચક્રવર્તિની સેવામાં રાજા પાસે હજુરીઆ હોય તેવા છે. માટે **પરમાત્માને પગલે** ચાલનારે પ્રથમ એ વિચાર કરવાનો છે, કે આત્માથી બીજું કોઈ વિશેષ બળવાન નથી, આત્માથી કોઈ વિશેષ

---

૧. Waiter હજુરીઓ.

જ્ઞાનવાન નથી, આત્માથી કોઈ વિશેષ આનંદવાન નથી, આત્માથી કોઇ વિશેષ અમર નથી.

પ્રવેશ.

પ્રિય વાંચનાર ! ધર્મસહોદર ! અનન્ય આત્મસ્વરૂપ બંધુ રત્ન ! જો તારી **ભાવના** (Ideal) ઉચ્ચ હશે તો તું ઉચ્ચ થવાને પગલે ચડ્યો જ સમજજે; કારણ કે **यादृशी भावना (बलवत्तरा) तादृशी (बलवत्तरा) सिद्धिः** વળી જૈનશાસ્ત્રમાં " જે કામ કરવા માંડ્યું તે થયું[૧] " એવી માન્યતા હોવાથી, જ્યારે તેં ભાવનાપૂર્વક (with *will* to rise) **પરમાત્માને** પગલે ચાલવા માંડ્યું કે તે જ સમયથી તું તે તે અંશે પરમાત્મા થતો ચાલ્યો છે એમ તને પોતાની વિચારણામાં પ્રતીત થતું જશે.

પરમાત્મા અને આપણી વચ્ચેનો સંબંધ.

પરમાત્મા થવાની જિજ્ઞાસાવાળાએ પોતાની અને પરમાત્માની વચ્ચેનો પ્રથમ સંબંધ શોધી કાઢેલો

---

૧. શ્રી વીરની જમાલિ સાથના વાદમાં માન્યતા.

જોઇએ. તારા અંતરમાં જો, અને શોધી કાઢ કે તું પરમાત્માનો દાસ છે, કે પુત્ર છે, કે પરમાત્મા સ્વરૂપ છે!

જો તને એમ લાગતું હોય કે જેમ એક રાજા છે, અને અમુક તેનો પ્રતિનિધિ (Viceroy) છે, તેમ શ્રી વીરપરમાત્મા ત્રણે લોકના નાથ છે, અને હું એ ત્રણે લોકોનો તેના શાસન (order) તરફથી (Viceroy કે તેનો) પ્રતિનિધિ છું, તેમની આજ્ઞા પ્રમાણે ચાલનારો છું; તેના શાસનનો **પ્રવર્તક** છું, તો, તારે સમજવું કે તું પરમાત્માનો દાસ છે–સેવક છે, દિવાન કે નાયબ દિવાન છે, અને તારા આત્મામાં જે તેની આજ્ઞાથી વિરૂદ્ધ પ્રવૃત્તિ થતી હોય તેને પણ શાસન કરીને દૂર કરનારો છે. જેમ એક Viceroy (વાઇસરોય) રાજાની પ્રજામાં રહી, બંડ કરતો હોય તો તેને શાસન કરે છે,[1] તેમ તારામાં જે વૃત્તિઓ બંડ કરતી હોય તેને તું શાસન કરનારો છે; જે વૃત્તિઓ શ્રી વીરપરમાત્માના

1. punishes.

શાસનને સાનુકુળ પ્રવર્તતી હોય તેને વફાદાર પ્રજા ગણે છે. કારણ કે તેને ઉત્તેજન આપનારો પ્રભુનો પ્રતિનિધિ છે. રાજ્યમાંથી જેમ દુષ્ટ પ્રવૃત્તિને દૂર કરવામાં આવે છે તેમ સકલ અવગુણરૂપી દુષ્ટો તારા આત્મરાજ્યમાંથી તું દૂર કરે છે, અને સુરાજ્યમાં સત્ પ્રવૃત્તિને ઉત્તેજન આપવામાં આવે છે તેમ સત્ ક્રિયાને-પૂજ્ય પ્રવૃત્તિને તુ ઉત્તેજન આપતો રહે છે. આવું જ્યારે તને તારી પ્રવૃત્તિમાં લાગે ત્યારે તારે બેલાશક સમજવું કે, તુ જૈન છે, પરંતુ શ્રી જિનેશ્વરને પગલે ચાલનારો તેમનો દાસ છે—પુત્ર નથી, અને હજી પણ તારી ઇચ્છા છતાં તું તારી અશુભ પ્રવૃત્તિને અટકાવવા અલ્પ પ્રયાસ કરે છે, તો તું દાસ પણ નથી અર્થાત્ Viceroy (વાઇસરોય) પણ નથી પણ દાસાનુદાસ છે, અર્થાત્ Governor (ગવર્નર) છે. માટે જો તું શ્રી જિનેશ્વર રૂપ પરમાત્માનો દાસાનુદાસ રૂપ ગવર્નર હોય, તો દાસત્વ પામવા પૂર્ણ પ્રયત્ન કર; કારણ કે પ્રભુના સેવકને શું દુર્લભ છે? અલભ્ય તો

કંઇ છેજ નહિ ! પરંતુ દુર્લભ્ય પણ દાસાનુદાસપણું પ્રભુ આજ્ઞાએ પ્રવૃત્તિ કરતાં છૂટી, દાસપણું પ્રગટે છે, ત્યારે શુભ પ્રવૃત્તિજ સઘળે થતી દેખાઇ આવે છે. દાખલા તરીકે, એક આત્મા જે મહાત્માની પદવીપર ચડ્યો અને દાસત્વથી છૂટયો, પછી તે વખતની ક્રિયાને માટે પોતે જે જજમેન્ટ આપ્યું, તે નીચે પ્રમાણુ છે; કારણકે આત્મા જેમ પ્રભુનો દાસ છે તેમ મહાત્મા દાસ નથી–તે તેમનો પુત્ર છે, રાજ્યકુમાર છે, ગાદીનશીન થવાને જિજ્ઞાસુ જેવો છે. એ મહાત્માના શબ્દો આ પ્રમાણે છેઃ—

"If one man conquers in battle a thousand times, ten thousand men, and another conquers himself (his passions)[૧], he that conquers himself is the greater conqueror." અર્થાત્–

૧—Ignorance (મોહ) Lust (કામ) Anger (ક્રોધ) Pride (માન) deceit (માયા) and greed (લોભ).

એક મનુષ્ય એક યુદ્ધમાં એક કરોડ માણુસપર જય મેળવે છે અને બીજો એક માણુસ પોતાપર (ષડ્ અંતર રિપુ પર અને તેમાંથી ઉદ્દ્ભવતી અનેક અશુભ પ્રવૃત્તિઓપર, વિજય મેળવે છે, તો પોતાપર (પોતાના કષાયો, અને તેમાંથી ઉઠતી અસંખ્ય વૃત્તિઓપર) વિજય મેળવનાર માણુસ, મહાન્ વિજયી છે-ટૂંકામાં 'જૈની' છે.

આ જગતમાં રાજા દુષ્ટ જનોને શાસન કરી તેમને અનર્થ કરવા દેતો નથી; પરંતુ તેમને શિક્ષા કરી સુધારણુશાળા (House of correction) માં ઘોંચી દે છે, અને ત્યાં શિક્ષા કરીને પાપમાંથી સુધારે છે; તેમ આત્મરાજાનો પ્રતિનિધિ પ્રભુનો દાસ કષાયોને સુધારણુશાળામાં શિક્ષા કરીને પણ સુધારે છે. ટૂંકામાં જે ક્રોધ કરતો હતો તે મટી **પોતાની દુષ્ટ વૃત્તિપર** કરીને તેને એવો સુધારે છે કે, તે ક્રોધ જો કોઈ ધર્મપ્રવૃત્તિને અટકાવતો હોય તો, તેનાપર કરે છે. અર્થાત્ ક્રોધ શુભને અર્થે, માન સત્કીર્તિને અર્થે, માયા બાળને સમ-

જાવવા માટે ધ્યાન અર્થે, અને લોભ ગુણને અર્થે કરે છે. આ સુધારણશાળા જેને હાલ ઇંગ્રેજીમાં House of correction કહે છે, અને આગળ જેને કેદખાનું કે પ્રિઝન (Prison) કહેવામાં આવતું હતું તે છે.

વળી **પરમાત્માને પગલે** પ્રવર્તનારે વિચારવાનું છે કે, મારા પરમાત્મામાં જે આત્મા છે તેવોજ આત્મા મારામાં છે. અને તે આત્માની સાક્ષીએ મારા દેહને—દેહરૂપી રાજ્યને ચલાવું છું ત્યાં સુધી હું પરમાત્માનો દાસ છું; પરંતુ જ્યારે આત્માની સાક્ષીએ મારી શુભ પ્રવૃત્તિનેજ પ્રવર્તાવું છું ત્યારે પરમાત્માનો રાજપુત્ર heir-apparent છું અને શુભ પ્રવૃત્તિમાં અનાસક્ત રહી, મારી શુદ્ધ દશામં રહું છું, ત્યારે હું અને પરમાત્મા એકરૂપ છીએ. એક મહાત્મા કહે છે કે " મારી બુદ્ધિ દેહ તરફ હોય છે ત્યારે, હે પરમાત્મા ! **દેહ** તારો દાસ છે, જ્યારે **જીવ** તરફ હોય છે ત્યારે તારોજ અંશ–પુત્ર છે, પરંતુ જ્યારે મારી બુદ્ધિ મારામાં–**આત્મામાં**

હોય છે ત્યારે તું અને હું એકરૂપ છીએ.[1] ”
જ્યારે વાંચનાર બંધુ ! તને એમ પ્રતીત થાય કે પરમાત્માનો દાસ છું ત્યારે તો તારો અને પરમાત્માનો સંબંધ શ્રી ઉપાસકદશાસૂત્રમાં કહેલ આનંદ શ્રાવક જેવો છે. તું પરમાત્માનો ઉપાસક છે. પરમાત્મા ઉપાસ્ય છે. જ્યારે તારી બુદ્ધિમાં એવું ભાસે કે જૈન કલ્પસૂત્રમાં કહેલ ગૌતમ જેવો છે, ત્યારે તુ સમજજે કે હું પરમાત્માનો પુત્ર છું, જિનનો પુત્ર જૈન છું. જેમ બુદ્ધના પુત્ર બૌદ્ધ, ક્રાઇસ્ટના પુત્ર ક્રિશ્ચિયન છે, જેમ મહમદના પુત્ર મોહમેદન છે, જેમ દાશરથિના પુત્ર દશરથ (રામ) છે, જેમ વિષ્ણુના પુત્ર વૈષ્ણવ છે, જેમ શિવના પુત્ર શૈવ છે. તેમ હું જિનનો પુત્ર જૈન છું. મને અને પરમાત્માને પિતા પુત્રનો સંબંધ છે. અને જેમ

૧—એક મહાત્મા પરમાત્માને કહે છે કે,

देहबुध्या तुं दासोऽहं जीवबुध्या त्वदंशकः ॥
आत्मबुध्या त्वमेवाऽहं इति मे निश्चला मतिः ॥

શિષ્યને ચોગ્યતા આવતાં ગુરૂ, પ્રજાને ચોગ્યતા આવતાં પિતા–રાજા[1] છે, તેમ હું જિનપરમાત્માનો પુત્ર ચોગ્યતા આવતાં–પરમ પિતાની વિભૂતિ મારામાં પ્રગટ થતાં–જિન છું. જ્યારે પરમાત્મા સિદ્ધ અવસ્થા પામે છે ત્યારે હું પરમાત્મા અવસ્થા પામું છું. જેમ પ્રભુ વીર મોક્ષ ગયા, એટલે ગૌતમને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું, તેમ મને પણ **પ્રભુને પગલે** ચાલવાથી કેવલ જ્ઞાન પ્રગટશેજ.

પરમાત્મા સાથે પુત્રવત્ સંબંધવાળાએ કેવી રીતે વર્તવું ? પરમાત્માને જે ઉપાસ્ય તરીકે ગણે છે એવા ઉપાસકો–શ્રાવકો–પ્રભુના પ્રતિનિધિઓ પ્રભુને જ્ઞાની ગણે, પ્રભુને શક્તિમાન્ ગણે, અને પ્રભુને આનંદવાન ગણે, અને પોતાને અજ્ઞાની ગણે, અશક્ત ગણે, દુઃખી ગણે તો ચાલે; કારણ કે તે પ્રભુની આજ્ઞા પ્રત્યેક ક્રિયામાં શી છે તે જાણવાની, તેના ફરમાનની, આજ્ઞાની રાહ જુએ છે, અને તે આવતાં

---

૧. અમેરિકાના પ્રજાસત્તાક રાજ્યમાં પ્રત્યેક વ્યક્તિ (રાજા) છે.

તે પ્રમાણે વર્તન કરે છે. પરંતુ પરમાત્માને પિતા તરીકે અનુભવનાર પ્રભુનો રાજ્યપુત્ર રૂપ મહાત્મા તો એમજ કહે કે "આપ જ્ઞાની છો અને હું પણ જ્ઞાની છું; આપ આનંદયુક્ત છો અને હું પણ આનંદયુક્ત છું; આપ શક્તિસ્વરૂપ વીર્યરૂપ છો; અને હું પણ વીર્ય સ્વરૂપ છું. માત્ર તફાવત ડીગ્રીને સ્થિતિનો છે, વસ્તુતઃ નથી. જેમ એક માણસ પાસે એક પૈસો હોય, અને બીજા પાસે કોટયાવધિ રૂપિયા હોય તો આ બન્ને જણ પૈસાવાળા છે- શ્રીમાન્ છે. એક ગરીબ અને બીજો પૈસાવાળો એમ નથી, માત્ર એકની પાસે અલ્પ છે અને બીજાના સ્વાધિનમાં અનલ્પ-બહુ છે. આ પ્રકારે પરમાત્મા અને તેના પુત્રમાં, જીનમાં અને જૈનમાં, પ્રભુમાં અને તેના રાજ્યપુત્રમાં, સંક્ષેપમાં કહેતાં **પરમાત્મા** અને **મહાત્મામાં** તફાવત જો કે ઘણો છે, મેરૂ અને સરશવ જેટલો છે-એકને અનંત જ્ઞાન છે તો બીજાને અનંત જ્ઞાનનો અનંતમો ભાગ છે, પરંતુ છે ઉભય જ્ઞાની. એકને અનંત દર્શન

છે અને બીજાને અનંત દર્શનનો અનંતમો ભાગ છે, પરંતુ છે ઉભય દર્શનવાન્ છે. આજ પ્રકારે એકને અનંત વીર્ય અને બીજાને વીર્ય, પરમાત્માને અનંત આનંદ (આનંદઘન) અને મહાત્માને આનંદ, પરમાત્માને અનંત લાભ અને મહાત્મા રૂપ તેના આત્મપુત્રને લાભ છે. જેમ એક જ્ઞાતિ-પાળ શેઠ અને જ્ઞાતિલો બન્ને ઓશવાળ છે, તેમ પરમાત્મા અને મહાત્માની બન્નેની જ્ઞાતિ જ્ઞાન છે, દર્શન છે, વીર્ય છે, ઉપયોગ છે. આ વાત જિનના પુત્રરૂપ જૈને ખૂબ લક્ષમાં રાખવાની છે. વાઇસિરોય કે રાજાના દાસે કેવી રીતે વર્તન પરમાત્મા પ્રત્યે કરવું, અને રાજ્યપુત્રે કેવી રીતે કરવું, તેમાં ઘણો અંતર છે. દાસ આ જન્મમાં પરમાત્મપદ પામે એ ઘણુંખરૂં દુઃશક્ય છે, અશક્ય તો નથીજ. પરંતુ રાજ્યપુત્ર મહાત્મા પરમાત્મપદની યોગ્યતા અનુભવે એવું બનવાનો સુસંભવ નથી, પણ સંભવ તો છેજ. અને તે જેમ જેમ આ લઘુ પુસ્તકનાં પ્રકરણો વાંચકબંધુ કે બ્હેન ઉઘાડતા જશે અને પ્રથમ મનથી,

પછી વચનથી, અને છેવટે તનથી, **પરમાત્માને પગલે** આવવા લાગશે, અને પોતે તેમનો આત્મ ઔરસ પુત્ર છે એમ અનુભવતો જશે, તો પરમાત્મ પદ પ્રાપ્ત થવાનો સંભવ આ જન્મમાં છે. દાસને દેહભાવમુક્તિ અને પુત્રને વિદેહભાવમુક્તિની દુઃશક્યતા કે શક્યતા નથી, પણ સુશક્યતા છે.

પ્રભુ સાથે એકતા અનુભવવાની કુંચી.

પ્રભુ પરમાત્મા અનંત જ્ઞાની કેવલજ્ઞાની છે, એવું તેનો પુત્ર શાથી જાણે છે? પોતામાં જ્ઞાન છે તેથી. પરમાત્મા અનંત દર્શનવાન્ કેવલ દર્શનવાન્ છે એવું તેના પુત્રને શાથી દેખાય છે? પોતાનામાં રહેલ દર્શન ગુણથી. પરમાત્મામાં ક્ષાયક ચરિત્ર કે અનંત ચારિત્ર કે સદા સર્વદા સ્વરૂપરમણતા છે, એવું શાથી આપણે અનુભવીએ છીએ? તેના પુત્રમાં રહેલ ચારિત્ર ગુણથી. પરમાત્મામાં અનંત વીર્ય છે, એવું આપણે શાથી પ્રતીત કરીએ છીએ? આપણા વીર્ય ગુણથી. આમ અનંત ગુણ એ ગુણથી જણાય છે, દેખાય છે, અનુભવાય છે,

અને તેની પ્રતીતિ પણ જિનના પુત્ર જૈનને તો તેજ વખતે થાય છે. અને જેમ જેમ તે પરમાત્મા રૂપ પોતાના પિતાને-ત્રિલોકનાથને પગલે પ્રવર્તે છે તેમ તેમ પોતે પ્રથમ આત્મામાં અનુભવે પણ છે. તેજ પ્રકારે પરમાત્મા જ્યાં મધ્યમાં બિરાજતા હોય અને આસપાસ સવાસો યોજન સુધી સર્વત્ર શાંતિ ફેલાય છે; તેમ તેના પુત્ર જ્યાં મધ્યમાં હોય તેની આસપાસ સવાસો ફુટ કે સવાસો વાર કે સવાસો ફર્લાંગ સુધી શાંતિ પ્રસરે છે અને તેમને પગલે ચાલતા મહાત્માની આસપાસ આખા મુંબઇ નગરમાં, સુરતનાં-જ્યાં જ્યાં તેમનું પ્રયાણ થાય ત્યાં ત્યાં શાંતિ પ્રસરે છે. જેમ પ્રભુની જ્યાં સ્થિતિ હોય ત્યાંથી સાત 'ઇતિ'ઓ પલાયન કરે છે, તેમ પ્રભુના પુત્રરૂપ મહાત્માની જ્યાં સ્થિતિ હોય ત્યાં પરમાત્માને પગલે ચાલતાં પ્રમાણમાં-પ્રયાણમાં કલહાદિ સપ્ત ઇતિઓ પલાયન કરે છે, કલહને ઠેકાણે સુસંપતા દેખાય છે. પરમાત્માને સર્વ અપાયનો અપગમ હોવાથી-દોષો ગયાથી અને અનંત આનંદ

પ્રગટ થઈ જવાથી તેમની આસપાસ આવેલા દેવ, માનવ, પશુ આદિ પ્રાણીઓ પણ સુખાદિ અનુભવે છે, તેમ પરમાત્માના પુત્રના જેટલા જેટલા અંશે અપાય-દોષો ગયા છે, તેના પ્રમાણમાં તેમની આસપાસ આવેલા માનવાદિ પ્રાણીઓ સુખાદિ અનુભવે છે. સ્પષ્ટ શબ્દમાં કહીએ તો ઘણું કરી મહાવ્રતધારી, અનુવ્રતધારી, સુસાધુ, સુશ્રાવક, ઉપાસક પ્રભુના પ્રતિનિધિ કે વૉઇસિરૉય નાયબ દિવાન અને ગવર્નર નાયબ દિવાન રૂપે છે, અને જેટલી જેટલી પ્રભુની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ રાખે છે તેટલી તેટલી પોતાની આસપાસ આવેલા જિન શાસનરૂપ રાજ્યમાં શાંતિ પ્રસરાવે છે; એટલું જ નહિ પણ પર ચક્રરૂપ પરદર્શનના ભયથી મુક્ત રાખે છે, અને સ્વચક્રની-જિનશાસનની અભિવૃદ્ધિ (Progress) પણ કરતો જાય છે, અને કેટલાક મહાવ્રતધારી સુસાધુ તે પરમાત્માના પુત્ર રૂપ છે-આચાર્ય રૂપ છે, અને જેમ જેમ પરમાત્માના પગલે (In His Foot-steps) પ્રવર્તતો જાય છે, તેમ તેમ પ્રભુના

ગુણુ પોતામાં વિકાસતા જાય છે.

જે અલ્પ જ્ઞાનવડે પરમાત્માના અનંત જ્ઞાનની સ્તુતિ કરે છે તે અલ્પજ્ઞાન પોતાનું અલ્પપણું છોડી અનલ્પતાવાળું-વિસ્તારવાળું થતું જાય છે.

આ પરમાત્માના ચાર મૂળ ગુણો અર્થાત્ અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ (અવ્યાબાધ સુખ) અને અનંત વીર્ય ઉપરાંત આઠ પ્રતિહાર્ય પણ તેમનાજ ગુણ છે.

આમ શ્રી પરમાત્માના બાર ગુણ ગણાય છે, પરંતુ આ પ્રતિહાર્યની રચના દેવો કરે છે, એવું વ્યવહારે કહેવાય છે, બાકી નિશ્ચયે તો પ્રભુ જ્યાં પોતે હોય ત્યાં પોતાના અત્યંત શુભ કર્મવડે રચાઈ જાય છે. દેવો તો શુભકર્મના ફળના નિમિત્તિરૂપ છે. માટે બારે ગુણ શ્રી પરમાત્માના ગણાય છે. પરમાત્માના પુત્રે પોતા તરફ, પરમાત્માને પગલે ચાલતાં જોતાં જવું જોઇએ કે આ બાર ગુણો **પોતામાં** કયે અનંતમે ભાગે પ્રવેશતા જાય છે? અને તેની અભિવૃદ્ધિ થવા વિશેષ વિશેષ પોતાની

શક્તિ–વીર્ય ફેરવતાં ફેરવતાં આગળ વધવાનો ઉત્સાહ રહે છે; કારણુ કે જ્યાં ‘ ઉપયોગ ’ હોય ત્યાંજ પ્રભુધર્મ છે, એ સદા સર્વદા લક્ષ્યમાં રહે તો પરમાત્માના પગલેજ ચલાય છે, મન તેમની આજ્ઞાને સ્પર્શી શકે છે, વચન તેમની આજ્ઞાને વદી શકે છે, કાયા તેમની આજ્ઞા પ્રમાણે વર્તી શકે છે, ઇંદ્રિયો તેમની આજ્ઞા પ્રમાણે અવ્યાપક રહી વસ્તુને ગ્રહણુ કરી શકે છે, ગ્રાહ્યજ ગ્રહાય છે, અને અવયવો આચાર પણુ તેમની આજ્ઞાને અનુસરણુ કરતા જણુાય છે. આવું જ્યારે જોવામાં આવે છે ત્યારે “ His speech shall be lyrical and sweet and universal as the rising of the sun ” તેની ભાષા ગાનયુક્ત થઇ મધુરતા પામશે, સૂર્ય પ્રકાશની પેઠે તેનો આકર્ષક પ્રકાશ (aura) એક સરખો સર્વત્ર વ્યાપક બનશે.

પ્રવેશ સમાપ્ત.

પ્રકરણ ૧ લું.

શ્રી વીરપ્રભુના ચારિત્રમાંથી આપણે શું શીખવાનું?

પ્રભુનો પહેલો ગુણ.

પ્રભુની માતૃભક્તિ.

શ્રી વીરપ્રભુ જ્યારે ગર્ભમાં હતા, ત્યારે તેમને માત્ર મતિ, શ્રુત અને અવધિ, એ ત્રણ જ્ઞાન હતાં. તે વેળા તેમણે વિચાર કર્યો કે મારા ગર્ભમાં આવવાથી મારી માતાને સુખ થાય છે? કઈ માતાને પોતાને પુત્ર હોય તે નથી ગમતું? જે ધનથી, જે વૈભવથી, જે પ્રભાવથી, જે સત્તાથી, જે અલંકારથી, જે નાના પ્રકારના ભોજનથી, રાચરચીલાથી, સગાંવહાલાંથી—એટલુંજ નહિ પણ **પોતાથી** પણ અધિક પ્રેમ પોતાને થનાર પુત્રપર માતાને હોય

છે, એ કોનું અજાણ્યું છે? માતૃપ્રેમની સીમા ત્રણે લોકમાં કરી શકે એવું કંઈ નથી.

તથાપિ જો હું માતાના ગર્ભમાં હાલીશ–" ફ-રકીશ " તો મારી પુત્રવત્સલ માતાને કષ્ટ થશે– દુઃખ થશે. માતાને સુખજ આપવું અને દુઃખ ન થવા દેવું, આવો પ્રભુનો આપણે પ્રથમ ગુણ જો-ઈએ છીએ. અને જેવો નિર્ણય–અભિગ્રહ[1] પ્રભુ **ગર્ભમાં** પણ રહ્યા છતાં કરે છે, તેવો ને તેવો **જન્મ્યા પછી** માતાપિતાની હૈયાતી સુધી તે પાળે છે, આવું કલ્પસૂત્રાદિ, આચારાંગ સૂત્રાદિ ત્રિષષ્ટિ સલાકા–પુરૂષ ચરિત્રાદિ ગ્રંથો વાંચનારને સ્પષ્ટ છે. પ્રિય વાંચનાર! શ્રી વીરના પુત્રરત્ન! શ્રી વીરપ-રમાત્માને પગલે ચાલવાની તું જિજ્ઞાસા રાખતો હોય તો તારા આત્મામાં જો! તારો આત્મા જે મહાત્મા પદ પર ચડવા ઇચ્છે છે તેમાં જો, કે, તું જન્મ્યા પૂર્વે તો શું પરંતુ જન્મ્યા **પછી** તારી માતાને જાગૃતમાં કે સ્વપ્નમાં, જાણતાં કે અજાણતાં,

---

૧. Resolution.

મનમાં—વચનમાં—તનમાં કે અંતરમાં કેવી રીતે ચાહે છે ! પરમાત્મા વીરને પગલે ચાલવાની તારી જ્યારે જિજ્ઞાસા જ છે, એ જ દૃઢ ભાવના તારા હૃદયમાં પ્રવર્તે છે તો નિર્ણય કર[1] કે " મારી માતાને કોઇ પણ પ્રકારનું મારા તરફથી દુઃખ નહિ થવા દઉં એટલું જ નહિ પણ યથાશક્તિ સર્વ પ્રકારનાં સુખો આપતો રહીશ." કારણ કે શ્રી વીરને પગલે ચાલવાનો અર્થ એ નથી કે શ્રીવીરની ભક્તિ કરી તેમને રાજી કરવા[2], પ્રભુ રાજી તેથી થાય છે કે જેમ મેં મારી માતાની ભક્તિ કરી તેમને દુઃખ થાય તેવું ન કર્યું અને સુખ થાય એવું કર્યું તેમ તમે પણ કરો. જે માણસ પરમાત્માની ભક્તિ કરે છે અને પરમાત્માની આજ્ઞા પ્રમાણે કરતો નથી—વર્તતો નથી, એ પરમાત્માનો ભક્ત નથી, પરંતુ ભક્તપણાનો ઢોંગ કરે છે. પરમાત્માની ભક્તિ તો પરમાત્માએ પોતાની

---

૧. Make a firm resolution.

૨. પ્રભુ પોતાની ભક્તિના ભૂખ્યા નથી, એટલા પોતાના બાળકોની ભક્તિના છે. (લોકવાક્ય)

ક્રિયામાં દેખાડયું તે પ્રમાણે આપણું વર્તન રાખ-વાથી જેવી ભક્તિ તેની થાય છે તેવી રીતે કોઇ કાળે-કોઇ રીતે થતી નથી અને એ જોઇનેજ હજી પણ શાસન દેવી પ્રસન્ન થઈ આપણી ભક્તિના પ્રમાણમાં આપણી ઉન્નતિ કરે છે.[૧] વળી પ્રિય વાંચનાર ! તારે પ્રભુની અનુપમ ક્ષમાનું શિક્ષણ લેવું હોય, પ્રભુએ જેમ પોતાને દુઃખ પડયાં તેનાં પણ કર્મરચના જોઇ દુઃખ દેનાર પર ક્ષમા કરી, તેવી ક્ષમા પ્રાપ્ત કરવી હોય તો પ્રભુના વર્તન અનુસારે તું માતૃભક્તિ કર; કારણ કે **માતા એ ક્ષમાનું આબેહુબ સ્વરૂપ** છે, ક્ષમા રૂપ ચોખ્ખી ચાંદીનો તે ધાટ છે—આકાર (form) છે. ક્ષમાનું અદ્દસ્ય સ્વરૂપ દસ્યપણે સમજવાને જ જાણે આ-પણા પુણ્યવડે માનવ માતા આપણને મળી હોય એમ જણાય છે. સર્વને અનુભવ પણ એવો જ થાય છે, અને જે માતૃભક્તિ પરમાત્મા વીરને પગલે ચાલી કરશે તેને માતાને જેમ પોતાના પુત્ર-

---

૧—અનુપમ ઉપકારી માતાને દુઃખ આપનારાની અવનતિ અને પ્રભુને પગલે ચાલી તેમને દુઃખ ન થવા દેનાર, અને સુખ આપનારની ઉન્નતિ થવાનીજ.

પર અનુપમ ક્ષમા હોય છે તેમ એ માતૃરૂપી ગુરૂ તરફથી તેના પુત્રને-શિષ્યને એવી ક્ષમા હૃદયમાં ઉદ્ભવશે જ[1]; એટલુંજ નહિ પરંતુ તે ક્ષમા ગુણ પ્રગટતાં જાણે આ જગતના તમામ જંતુ મારા પોતાના બાળકો ન હોય ! એવી ભાવના પરિપકવ થશે ને વર્તનમાં પણ તેવું દેખાશે. પ્રત્યેક પ્રાણી અનેક કાળચક્રમાં આપણા સંબંધમાં અનેક સગપણે આવેલો છે, તો પછી આખા ચૌદરાજલોકમાં કોણ એવું પ્રાણી રહી જાય છે, કે જેની, પ્રિય વાચક ! તું ક્ષમા ગુણના સ્પષ્ટ આકારરૂપ માતા ન થયો હોય, કે ન થવાનો હોય ? માટે પ્રભુની ક્ષમા શીખવાને પ્રભુની પેઠે માતૃભક્ત થઇને, જગતના જંતુને તારા પોતાના બાળક ગણ. વળી પરમ માતૃભક્તિ તરફ લક્ષ આપે, ત્યારે તે પ્રભુભક્તિનો જે અંશ તારામાં હોય, જે પ્રતિભા તેની તારામાં પ્રવૃત્ત થતી હોય તે પ્રતિભામાં તને પર-

---

૧ સાક્ષાત્ ક્ષમારૂપ માતાના ગુણ જાણે ગર્ભમાં પોતાને પ્રાપ્ત થયો હોય, અને તેજ ગુણ પોતાના ચૈતન્યમાં વૃદ્ધિ પામી એટલો થયો કે પ્રભુને ભયંકર ઉપસર્ગ કરનાર **સંગમ દેવ**—ગોશાળો વગેરે પર પણ પ્રભુની તો ક્ષમાજ ક્ષમાજ રહી છે.

માત્મા શ્રી વીરની માતૃભક્તિ દેખાશે. જે **શુક્રના** નિર્મળ તારાની જ્યોતી, પોતાની પાસેના ચંદ્રની જ્યોતિને જોતી રહી છે તેમ તારી માતૃભક્તિરૂપી શુક્રજ્યોતિ પરમાત્માની માતૃભક્તિ રૂપ ચંદ્ર–જ્યોતિ જોઇ તારા હૃદયમાં ઉદ્દ્ભવશે–સ્ફુરશે, મનમાં ધ્યાન ધરશે, વચનમાં ગાન કરશે, અને ઇંદ્રિયોએ દેખાશે તથા આચારે આચરાશે.

કારણકે, મનુષ્ય જેમ માતાના ગર્ભમાં આવે છે તેમ માનવ સંસારમાં પણ આવે છે; પરંતુ એ જેમ ગર્ભ મુક્ત થઇ જગતમાં જન્મે છે, તેમ મનુષ્ય સંસારરૂપ ગર્ભ મુક્ત થઇ, ધર્મ જગત્માં જન્મી અનેકને અનુકરણીય ક્ષમા ગુણવાળો પણ બને છે. માતૃભક્ત શ્રવણ **મહાત્મા** ગણાયો, પરંતુ તું જ્યારે પ્રભુને પગલે ચાલવા માંગે છે, તો તું તેવી ભક્તિ કરતાં **પરમાત્મા** ગણાઇશ, એટલુંજ નહિ પણ તારે પગલે બાળજનો માતૃભક્ત થઈ પોતાનું કલ્યાણ સાધશે.[1]

---

૧. જેઓ–જે પુત્રો પોતાને **સ્ત્રી** મળતાં માતાને વિસારે છે કે પોતાની માતાના સ્નેહને નહિ સમજનારી

પ્રભુનો બીજો ગુણ.

અજાણતાં દુઃખ માતાને અપાઈ જાય તો ભુલ પોતાની સુધારવી.

શ્રેણિકના પુત્ર અભયકુમાર પહેલાં પ્રધાન હતા, અને તે કાર્ય-ફરજ બરાબર અદા કરતા, પોતે રાજપુત્ર હોવાથી શ્રેણિકની ગાદીએ આવ્યા.

પત્નિ વિસરાવે છે; એટલુંજ નહિ પણ તેમને નાના પ્રકારનાં દુઃખો આપે છે, તે પુત્રો નથી, પણ માતાનો ઓડો છે-વિષ્ટા છે, (**मातुरुच्चारः केवलम**). એટલું પણ જે વિચાર કરી શકતો નથી કે મારો મનુષ્ય તરીકે જન્મ થયો, અને મને પાળી પોષી આ સ્થિતિમાં આણ્યો ન હોત તો આ સ્ત્રી કયાંથી આવત? માટે માતૃભક્તિપૂર્વક સ્ત્રી પણ પ્રિય હો. એટલે માતા માતા-રૂપે પૂર્ણ પ્રિય હો, અને સ્ત્રી સ્ત્રીરૂપે પૂર્ણ પ્રિય હો, પરંતુ એ મહાત્મા જો માતૃભક્ત હશે તો તેના પ્રેમવડે પોતાને જણાઇ આવશે કે, માતા પોતાના સ્થાનમાં માતૃરૂપે પૂર્ણ ક્ષમાનો ગુરૂ છે, તેમ સ્ત્રી પોતાના સ્થાનમાં સ્ત્રીરૂપે પૂર્ણ શાંતિ આપનાર ગુરૂ છે, કારણકે

કોઈ એમ કહેશે કે માતાને દુઃખ ન થાય એટલા માટે ગર્ભમાં પ્રભુ હાલ્યા નહિ—ફરક્યા નહિ, તેથી તો માતાને અત્યંત દુઃખ થયું, એમ આપણે કલ્પ-

---

धैर्यं यस्य पिता, क्षमा च जननी, शांतिश्चिरं गेहिनी
सत्यं सूनुरयं दया च भगिनी, भ्राता मनःसंयमः

અર્થાત્ ધૈર્ય જે પિતા પાસેથી શીખે છે, ક્ષમા જે માતા પાસેથી શીખે છે તે પુત્ર છે, શાંતિ જે સ્ત્રી પાસેથી શીખે છે તે પતિ છે, અને સંયમ જે બંધુ પાસેથી શીખે છે, સત્ય જે પુત્ર પાસેથી શીખે છે, દયા જે બ્હેન પાસેથી શીખે છે, તે ભગિની છે. તે પોતાના ગુણો બતાવનારા ગુરૂઓ છે. ધૈર્ય, ક્ષમા, શાંતિ, સંયમ, સત્ય અને દયા કે સમકિતની ભાવનાનાં આ પ્રગટ દૃષ્ટાંતરૂપ માતા, પિતા, સ્ત્રી, પુત્ર, ભગિની અને બંધુ આપણા પુણ્યવડે પ્રાપ્ત થયાં છે. તે સર્વ તરફ માત્ર **ફરજ** ખાતર નહિ પણ પૂર્ણ **પ્રેમથી** વર્તન થવું જોઇએ.

કારણ કે ફરજ સેવકને—પરમાત્માના વૉઇસરોયને બજાવવાની હોય છે, અને એ ઉત્તમ છે; પરંતુ એ પરીક્ષા જેણે પસાર કરી છે તેને તો ખબર છે કે હું પરમાત્માનો—શ્રી જિનેશ્વરનો પુત્ર એટલે જૈન છું, તેણે પ્રેમ (Love) બજાવવાનો છે, તેણે ભક્તિ (Devotion) કરવાની છે.

સૂત્રમાં સાંભળ્યું છે. હા, પરંતુ આ નિશ્ચળ રહેવાની પ્રવૃત્તિમાં પ્રભુનો હેતુ- [૧]આશય-ભાવના-પરિણામ માતાને ચાલતાં દુઃખ થશે તો? એવો હતો. તેમ તમારા સદ્ હેતુથી માતાને દુઃખ થતું અટકશે; પરંતુ જો તેવી પ્રવૃત્તિથી દુઃખ થાય, તો તમારે તે પ્રવૃતિ સુધારી, એવી પ્રવૃત્તિ કરવી જોઇએ કે જેથી માતાને સુખ મળે. કારણ કે તમે જાણો છો કે પ્રભુને ગર્ભમાં પણ ત્રણ જ્ઞાન હતાં, છતાં ઉપયોગ આપ્યા વિના[૨] જણાયું નહિ, કે આમ કરવાથી માતાને દુઃખ થશે. પરંતુ જ્યારે માતાને દુઃખ થયું અને ઉપયોગ અપાયો કે પોતાની પ્રવૃત્તિ સુધારી; અર્થાત્ ગર્ભમાં હાલ્યા-ફરકયા. કારણ કે માતાએ એમ વિચાર્યું કે મારો ગર્ભ હરાઇ ગયો. ગર્ભમાં પણ પુત્રવિયોગ માતાથી સહન ન થયો, ત્યારે હાલ્યા-ફરકયા; જેથી માતાને પુત્રની હયાતીની માહિતી થતાં અત્યંત હર્ષ થયો.[૩]

---

૧. Purpose. ૨. Without reflection. ૩ જૈનધર્મ અપેક્ષાએ પ્રધાન છે અને હેતુનાપર લક્ષ આપવાનું વિશેષ કહે છે. આ વાત જ્ઞાનશુષ્કોએ તેમજ ક્રિયાજડોએ લક્ષમાં રાખવાની છે.

પ્રિય વાંચનાર ! તને યાદ હશે કે જ્યારે તું તારી માતાથી જુદો પડે છે ત્યારે તારા વિયોગથી તે કેવી દુઃખી થાય છે ? યથાશક્તિ તારે પણ તેને વિયોગનું દુઃખ ન આપવું, અને વ્યવહારે કદાચ બહાર જવું થાય, તો તેમનો બંદોબસ્ત કરી, તેમને શાંતિ આપી જવું, પત્રાદિથી મળવું, અને જેમ બને તેમ તેમની હયાતીમાં-તેમની સેવામાં તત્પર રહેવું.

લેખકને સંપૂર્ણ આશા છે કે, શ્રી વીરપરમાત્માને પગલે ચાલવાની જિજ્ઞાસાવાળા શ્રી વીરપુત્રરત્નો, શ્રી વીરના ચારિત્રના આ પ્રગટ દૃષ્ટાંતથી પોતાની માતાને વિયોગનું અસહ્ય દુઃખ નહિ આપશે.

શ્રી વીરપરમાત્માએ પોતે ગર્ભમાં હતાજ ત્યારે આવો સ્નેહ જોયો. કારણ કે પ્રેમજ પ્રેમને પ્રાપ્ત કરે છે, તે પ્રમાણે જ્યારે માતાના પ્રેમે શ્રી વીરના પ્રેમને આકર્ષ્યો કે શ્રી વીરે ગર્ભમાં એવો અભિગ્રહ લીધો કે-એવી પ્રતિજ્ઞા કરી કે-“**જ્યાં સુધી મારાં માતાપિતા હયાત છે, ત્યાં સુધી હું**

દિક્ષા નહિ લઉં." આ પ્રમાણે પોતાને પરમ પ્રિય દિક્ષાનો, ગર્ભમાં હતા ત્યારેજ, ત્રીશ વર્ષ સુધી ભોગ આપ્યો.[1]

પ્રભુનો ત્રીજો ગુણ.

આત્મભોગ.

શ્રી વીરપરમાત્મા ત્રણ જ્ઞાન સહિત ગર્ભમાં હતા, અને તેથી જાણતા હતા કે સંસારચક્રના પરિભ્રમણમાંથી છૂટવાનો—જીવને સંસારરૂપ મહા- કારાગ્રહનાં બંધનોમાંથી મુક્ત કરવાનો ઉત્તમમ ઉત્તમ માર્ગ 'દિક્ષા' છે. આત્માને બંધનમુક્ત કરી, પૂર્ણ સ્વતંત્રતા આપનારી, ખરેખર ચક્રવર્તિ રાજ્યના કરતાં પણ મહા મૂલ્યવાન દિક્ષા છે. છતાં ત્રણ જગતના ચક્રવર્તિપણારૂપ મુક્તિની અનુપમ ઋદ્ધિ

---

૧. કુટુંબ દેશ છોડી માતૃપ્રિયે ચારિત્ર દેશમાં જવું મુલત્વ્યું, તેમ માતૃપ્રિય તું સ્વદેશ છોડી પરદેશ જવું માતૃભક્તિ માટે મુલત્વી રાખે છે.

આપનાર દિક્ષા લઈ તે વડે પોતાનો પરમ સ્વાર્થ સાધવાનું છોડી દઈ, માતપિતાના સુખને માટે, તેનો અમુક કાળ સુધી ભોગ આપ્યો. પ્રિય વાંચનાર! તારાં માતાપિતાના સુખને માટે તારા પોતાના સ્વાર્થનો ભોગ તું જો આપીશ તોજ તારે સમજવું, કે હું શ્રી વીરપરમાત્માને પગલે મારી શક્તિને ગોપવ્યા વિના–છૂપાવ્યા વિના યથાશક્તિ પ્રવર્તું છું.*

પ્રિય વાંચનાર! તું જાણતો હોઈશ કે, સ્વાર્થત્યાગ અને પરમાર્થ જીવન ચલાવવું એ ગુણ તે મનુષ્યનો નથી, નથી દેવનો, પરંતુ દેવાધિદેવ થનાર પ્રભુના સગા પુત્રનો છે–પરમાત્માનો છે. જે મનુષ્ય શરીર ધારણ કરવા છતાં, પરના અર્થને હાનિ પહોંચાડે છે, તે તો માત્ર મનુષ્યનું નાટક ભજવનાર પશુ છે; જે મનુષ્ય પોતાનો સ્વાર્થ સાધે છે અને પરના અર્થને હાનિ કે લાભ આપી શકતો નથી, તે મનુષ્ય છે; મનુષ્ય–**આત્મા** છે. જે મનુષ્ય પોતાના અર્થને અને પરના અર્થને સાધે છે તે **મહાત્મા**

---

* ૧૦–૭–૧૧ લંડન ઇંડિયા આફિસ લાયબ્રેરી.

છે, અને જે મનુષ્ય પરના અર્થને માટે પોતાના અર્થનો-સ્વાર્થનો ત્યાગ કરે છે, તેજ પરમાત્મા છે-અર્હત્ છે.

અખિલ જૈનતામાં પ્રિય એટલે જૈન શાસનના ત્રણે સંપ્રદાયને માનનીય એવા તત્વાર્થાધિગમ સુત્રની **સંબોધકારિકામાં** પૂજ્યતર મહાત્મા **ઉમાસ્વાતિ** સ્વામિ લખે છે કે મનુષ્ય છ પ્રકારના હોય છે, જેનો ભાવાર્થ નીચે આપવામાં આવે છે:-

મનુષ્યના છ પ્રકાર.

૧—**અધમતમ** (અધમાધમ) મનુષ્ય તે, કે જે આ લોક અને પરલોક ઉભયને બગાડે એવાં કાર્યો કરે છે.

૨—**અધમ**-પરલોકની દરકાર વિના અહીંજ પોતાને સુખ થાય તેવાં કામો કરે છે.

૩—**વિમધ્યમ**-આ લોક અને પરલોક ઉભયને સુધારે તેવી ક્રિયાઓ કરે છે.

૪—**મધ્યમ**-અલ્પ એવા આ લોક-કે ભવમાં

પડતાં કષ્ટોને પણ સહન કરી, અનલ્પ–લાંબા એવા પરલોકને સુધારવા શુભ કાર્યો કરે છે.

૫—**ઉત્તમ**–જેની સર્વ ક્રિયા પોતાના મોક્ષને માટે હોય છે.

૬—**ઉત્તમોત્તમ**–જે પોતે કૃતાર્થ હોવા છતાં પોતે અન્યને કૃતાર્થ થવા ઉત્તમ ધર્મનો ઉપદેશ આપે છે.[1] તેજ પૂજ્યતમ અર્હત્ છે.

જેમાં વળી પોતાનો અર્થ સરતો નથી, અને પરના અર્થને–સ્વાર્થને જે હાનિ કરે છે, એવા અધમતમ–માનવકીડાને શું નામ આપવું તે મહાત્મા ભર્તૃહરિ કહે છે કે મને આવડતું પણ નથી.[2]

(નીતિશતક શ્લોક ૭૪.)

માટે પ્રિય વાંચનાર ! જેણે તારે માટે અનેક કષ્ટ સહન કર્યાં, જેણે તારે માટે રાત્રિ દિવસ ન

---

૧. તત્ત્વાર્થાધિગમ સૂત્ર–સંબંધકારિકા શ્લોક, ૪–૫–૬.

૨–ये निघ्नति निरर्थकं परहितं ते के न जानीमहे.

ગણી, જેણે તારે માટે પોતે ભીનામાં—તારા મળ-મૂત્રમાં સુઈ તને સુકાં—સ્વચ્છ વસ્ત્રમાં રાખ્યો, જેણે તારે માટે અનેક પ્રકારનાં કષ્ટ સહન કર્યા, ભણાવ્યો, ગણાવ્યો, મોટો કર્યો, તુ બચપણમાં કેટલો નિરાધાર હતો, તારે આખા જગત્‌માં કોનો આધાર હતો ? એવી સ્વાર્થત્યાગી ક્ષમા ગુણવાળી માતા પાસે તું જગતની સર્વ ઋદ્ધિ તજી દે, તોપણ તેનું મૂલ્ય થાય નહિ. માટે **ક્ષમાના સ્વરૂપ રૂપ તારી માતાને દુ:ખ થાય તો તારા સ્વાર્થનો ત્યાગ કરજે, એવું શ્રી પરમાત્માના ચરિત્રપરથી શીખવાનું છે.** પરમાત્માને પગલે ચાલનારે તેજ પ્રમાણે કરવું જોઇએ છે. વળી એમ પણ કહેવામાં આવે છે કે, જન્મ આપનારી માતા એ જન્મભૂમિ છે. જન્મભૂમિ માટે—તારા સ્વદેશના કલ્યાણ માટે, તારે પોતાનો સ્વાર્થ ત્યાગ કરવો જોઇએ. અને જ્યારે તું સ્વદેશ કે સ્વભૂમિ માટે સ્વાર્થનો ત્યાગ કરીશ, ત્યારે તને ખબર પડશે કે આજ પણ તેવા પુરૂષો તેમ સ્ત્રીઓ મહાત્મા ગણાય છે. સ્વદેશનું કલ્યાણ

કરનાર લૉર્ડ **નેલસન** ઈંગ્લાંડમાં મહાત્મા ગણાય છે, અને મહાત્માને પગલે ચાલનાર એમણે ઉપદેશેલા મહાન્ સૂત્રરૂપે ઈંગ્લાંડના–બ્રિટનના ખરા પુત્રો–પોતાની સ્વદેશ પ્રત્યે શી ફરજ છે, ધર્મ શું છે, કર્તવ્ય શું છે તે યાદ રાખવા ખાતર તે મહાત્માના આ શબ્દો કંઠાગ્ર કરે છે કે "England expects every one to do his duty" ઈંગ્લાંડ પોતાનો દરેક પુત્ર પોતાનું કર્તવ્ય કે ફરજ બજાવે એવું ઇચ્છે છે. બ્રિટનના પ્રત્યેક પુત્રમાં આજ આકાંક્ષા પ્રગટે છે. વળી કોઈ મહાત્માએ કહ્યું છે કે **जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी,** જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મોટાં છે, અર્થાત્ પોતાને સ્વર્ગનો ત્યાગ કરવો પડે તો પણ જનની કે જન્મભૂમિને દુઃખમાંથી મુક્ત કરવી, અને તેનું જે રીતે કલ્યાણ થાય તે રીતે કરવું.

પ્રભુનો ચોથો ગુણ.

શ્રી વીરની દુરઅંદેશી.

શ્રી વીરપરમાત્માએ માતાપિતાની હયાતી હોવા છતાં જો કે તેઓ રાજા રાણી હતાં, તેમને કોઈ રીતે સાંસારિક વૈભવમાં ખામી નહોતી, પરંતુ ગર્ભમાં ત્રણ જ્ઞાની **ભાવી પરમાત્માએ** પણ પોતાને લીધે પોતાની માતા અશુભકર્મને ન બાંધે, એવી નજર પહોંચાડી હતી. શ્રી વીરે વિચાર કર્યો કે મારા વિયોગથી હું દિક્ષા લેવાથી માતાપિતા આર્તરૌદ્ર ધ્યાન કરશે, રૂદન કરશે, માથાં કૂટશે, તો તેનું ફળ તેમને માટે કેવું આવશે? જો આર્તધ્યાન કરશે તો આર્તધ્યાનનું ફળ ઘણું કરી મનુષ્યપણાનું ખોવું અને પશુપણામાં ઉતરી પડવું થશે, અને રૌદ્રધ્યાનનું ફળ નરક ગતિમાં ગબડાવનારૂં થશે.[1] અરે! જેને પેટે હું જન્મ્યો તે પોતાની

---

[1]—માતૃરત્ન **મહાલમા** તને **લાલન** વારંવાર વંદન કરે છે, નમન કરે છે! તું માતારૂપે પરમ

મનુષ્યની ઉત્તમ ગતિ છોડી, પશુની નીચ ગતિ કે, નરકની ગતિમાં જાય, એવું મારા નિમિત્તે થવા દઉં ! કદી નહિ. પરંતુ જ્યાં સુધી મારી જનની અને જનક એટલે માતા અને પિતાની સ્થિતિ છે ત્યાંસુધી તેમને સુખી રાખી, મારા સહવાસનો

છે, તેં તારા પુત્રને પારણામાં પણ આત્મજ્ઞાન આપ્યું અને એવું વિચાર્યું કે જે પુત્રનો **મારા પેટે** જન્મ થયો તેને હવે ભવોભવમાં-સંસારમાં રખડવાનું હોય ? એ તો આત્મજ્ઞાન વડે મોક્ષમાં જન્મી, ત્યાં સદા અમર રહેશે. આનું નામ તે માનવમાતા ! આનું નામ તે માતૃગુરૂ-કે જે પારણામાં પણ આત્મજ્ઞાન આપે ! વાચક બંધુ કે બ્હેન ! માનવ જન્મ લેવાની કળા તારા હાથમાં હોય તો તું આવી **મદાલશાના** પેટે જન્મજે, કે જે પારણામાંજ-હાલરડામાંજ આત્મજ્ઞાન આપે. **લાલનનું** તો એમ ભાવવું છે કે જે જૈન માનવોને જન્મ્યા પહેલાં-ગર્ભમાં આત્મજ્ઞાન મળવું જોઇએ. જન્મતાં ધર્મજ્ઞાન, પછી અર્થજ્ઞાન, તે ઉભય પૂર્વક સંસારમાં અવ્યાપક રાખે તેવું કામજ્ઞાન, તદનંતર સંસારનો જય કરે એવું આત્મવીર્ય પૂર્વક મોક્ષ જ્ઞાન અપાય તોજ તે જૈની બને.

લાભ આપી, તેઓ હાલ જે મનુષ્યની સ્થિતિમાં છે, તેના કરતાં પણ ઉચ્ચ ગતિ–દેવગતિ પ્રાપ્ત કરે, અને પરંપરાએ ઉત્તમોત્તમ ગતિ–પંચમી ગતિ અથવા મુક્તિ પામે, એવું કરૂં. આવી દૂર **અંદેશીથી**, આવા લાંબા વિચારથી ગર્ભમાંજ અભિગ્રહ કરી લીધો કે **"જ્યાં સુધી માતાપિતા હયાત છે, ત્યાં સુધી મારે દિક્ષા ગ્રહણ કરી, મારો પરમ સ્વાર્થ પણ ન સાધવો."**

આવે પ્રકારે પરમાત્માને પગલે ચાલનાર, શ્રી જિનને માર્ગે ચાલનાર, શ્રી **વીરને** પગલે પ્રવર્તનાર, પ્રિય વાંચનાર! તારાં માતા પિતા પ્રત્યે તું એવી રીતે વર્ત કે તેઓ તારે માટે આર્તધ્યાન કરી, તિર્યંચ ગતિ પ્રાપ્ત ન કરે, પરંતુ ધર્મધ્યાન કરી દેવગતિ પ્રાપ્ત કરે. તેઓ પ્રત્યે એવું વર્તન રાખ, કે તારે લીધે તેઓ રૌદ્રધ્યાન કરી, મનુષ્યભવ હારી, નરક ગતિમાં ઉતરી ન પડે, પરંતુ શુકલ ધ્યાન કરી, મોક્ષ ગતિ પ્રાપ્ત કરી શકે. વળી ઉપર કહેવામાં આવ્યું કે, જે જન્મભૂમિનું પણ કલ્યાણ કરે છે, તેવા નરરત્નો, કે નારી–રત્નો

મહાત્મા ગણાય છે. આ વાત ખરી છે. પરંતુ પરમાત્માને પગલે ચાલનારનું વર્તન તો જન્મભૂમિના કલ્યાણમાં પરિસમાપ્ત થતું નથી, કારણ કે તેની જન્મભૂમિ તો વસુધા છે. અખિલ જગત છે. તેનું દેશાભિમાન તેની મહાત્માની સ્થિતિમાં, પૂર્ણ થઈ પરમાત્માની સ્થિતિએ ચડતાં વસુધાભિમાન રૂપે પ્રગટે છે.

उदारचरितानां तुं वसुधैव कुटुंबकम् ॥

ઉદાર ચરિત્રવાળાને–પરમાત્માના પગલે ચાલનારને આખી વસુધા–આખી પૃથ્વી એ પોતાનું કુટુંબ હોય છે. "સવી જીવ શાસન કરૂં રસી" એવી ભાવના–એવા વિચાર ધરાવનારના ઉચ્ચાર અને આચાર પણ તેવાજ હોય છે.[૧] માટે તું દેશાભિ-

૧. The world is my country and humanity is my family દુનિયા મારો દેશ છે, અને માનવજાત મારૂં કુટુંબ છે, (LONDON. Races Congress of 1911) આમ નહિ પરંતુ ચૌદરાજ (cosmos) એ મારો દેશ છે, અને જીવજાતિ માત્ર એ મારૂં કુટુંબ છે, એમ હૃદયગત માની વર્તે છે.

માન-સ્વભૂમિની ભક્તિપૂર્વક-વસુધાભિમાન રાખતો થા. પ્રિય વાંચનાર ! તને વિચાર આવશે કે ત્યારે માતા પિતાની હયાતીમાં દિક્ષા લેવાથી તેને દુઃખ થાય, માટે મારે શું દિક્ષા ન લેવી ? લેખકનું કહેવું એમ છે કે તેમ નહિ, પરંતુ માતા પિતાને પૂર્ણ સંતોષ થતો હોય, તેમના નિર્વાહની, તેમની સુખી સ્થિતિ રહેતી હોય, તેમની પરવાનગી હોય, તેમની રજા હોય તો, અને તે પણ ખુશીથી તેમની આશિષ સાથે આજ્ઞા લેવી. આમ જ્યાં સુધી તું ન કરે ત્યાં સુધી તું નામે તો ઉચ્ચ કાર્ય કરનારો ખરો, લોકો તને મહાત્મા કહે, પણ હું તેમ નહિ કહું. કારણકે મહાત્માની જિજ્ઞાસા, પરમાત્માને-શ્રી**વીર**ને પગલે ચાલવાની છે, અને **પરમાત્મા** પોતાના પરમ સ્વાર્થને માટે માતાપિતાને દુઃખ આપે એવું બનેજ નહિ. માટે તેમની ખુશીથી રજા મળે તો તેમની હયાતીમાં દિક્ષા લેવી, એમ કાંઇક દેશકાળ જોતાં યોગ્ય લાગે છે, નહિ તો સ્વાર્થીપણું લાગે છે. વળી પરમાત્માને પગલે ચાલનાર ! તું ઉપાસક હોય-શ્રાવક હોય કે

શ્રમણ ઉપાસક જૈન હોય, તો તારે વિચાર કરવો ઘટે છે કે જેવાં મારાં માતાપિતા તેવાં સર્વનાં. માટે કોઇ માતાને દુઃખ થાય, તેવો ઉપદેશ આપી તેના પુત્ર પુત્રીને દિક્ષા ન આપવી; કારણકે તેમ કરીશ તો તેના માતા પિતા આર્ત-રૌદ્ર ધ્યાન કરી તિર્યંચ ગતિ કે નરક ગતિ પામશે. પરંતુ તેમનાં માતા-પિતાને પૂર્ણ સંતોષ થાય તેવું કરી, તેમની અનુજ્ઞાથી જ દિક્ષા લે તેવી શિક્ષા તેને આપે તો જ લેખક એમ સમજે કે તમો **પરમાત્માને** પગલે ચાલનારા છો. કારણકે જૈનશાસ્ત્રમાં કહેલ છે કે કરવું, કરાવવું, અને અનુમોદવું એ ત્રણે હાનિકારક હોય તો ન કરવાં ઘટે. આમ તારે માતાપિતાને કચવાવી દિક્ષા ન લેવી, પરંતુ તેઓ રાજી રહે તેમ હોય તો લેવી. તેમજ કોઇને ઉપદેશ ન આપવો, કે તારા માતા-પિતાને દુઃખ થાય તો ફિકર નહિ, તેઓ તો મોહને વશ છે,[1] એમ કહેવું નહિ. કારણકે તારે તો કોઈનાં

---

૧. મોહને વશ માતાપિતા હોય, તેને પોતાના વિયોગી કરાવી વિશેષ મોહમાં નાંખવા એ ક્રૂરતા તો લાગે છે.

પણ માતાપિતા દુઃખી થાય તેવું કરવું નહિ, તેમજ તારે તેને અનુમોદન પણ આપવું નહિ, કારણકે તું અનુમોદન આપે તો બાળ જીવો તે કાર્યને યોગ્ય જાણી તેવું કરતા થયા છે અને થાય. ઘણા શ્રાવકો અને શ્રમણો, ઘણાં માતા પિતાને દુઃખ થાય, તેની દરકાર કર્યા વિના દિક્ષાને ઉત્તેજન આપે છે, અને દિક્ષા પણ આપે છે. પરમાત્માને પગલે ચાલવાની જિજ્ઞાસાવાળાએ તો **શ્રી વીર**ની પેઠે માતા પિતાને સંતોષ થાય તેવું કરવું જોઇએ. જેમ પોતે દીક્ષા લેવી તેમ અન્યના માતપિતાને સંતોષ આપી દીક્ષાની અનુમોદના કરવી કે દિક્ષા આપવી જોઇએ[1].

૧—કોઈ એમ ધારશે કે આજના કાળમાં ત્યારે આજ્ઞા લઈ સાધુ કોણ થયો ? કોનાં માબાપ ખુશીથી પોતાના પુત્રને રજા આપે છે ? તો લેખકનો વિચાર કદાચ બરાબર નહિ હોય, પરંતુ તેમનો ક્ષયોપશમ તો એમ કહે છે કે એવા સાધુઓ ઘણે ભાગે કઠોર કે ક્રૂર હૃદયના હોવાથી નાટકીઆ જેવા થશે, વેશસાધુ થશે અને એવાથી ધર્મ ટકશે પણ નહિ, પરંતુ સાધુ ગુણપૂર્વક, દયાભાવપૂર્વક,

પ્રિય વાંચનાર ! આ ગ્રંથ જે યુવક સ્વર્ગસ્થને અર્પણ કરવામાં આવ્યો છે, તેઓ માતૃભક્ત હતા, અને સદ્‌ગુણ વ્રતથી તેઓ હવે ઉચ્ચગતિ ધારણ કરે, તેવા તેઓ વિશેષ માતૃભક્ત બનો. એવા આશયથી પણ ગ્રંથ લખવા પ્રેરણા થઇ છે. કારણકે પ્રભુ ચરિત્ર યથાર્થ કહેવું તે દુઃશકય છે તથાપિ **શ્રીમદ્ માનતુંગ** આચાર્યરૂપી મહાત્મા કહે છે કે-

नामापि पाति भवतो भवतो जगंतिः ॥

આપનું નામ પણ ભવસમુદ્રમાં બુડનારની રક્ષા કરે છે. અહીં પ્રભુના જન્મ થયા પૂર્વની કૃતિના વર્ણનનો સંક્ષેપ પૂર્ણ થાય છે, અને બાળ લેખક જોઇ શકે છે કે, તેનો આબેહુબ ભાવ **કેવળી** મહારાજ પણ કહી શકે નહિ-જાણી શકે ખરા.

ઉદારભાવપૂર્વક, સાધુવેશથીજ ધર્મ ટકશે, એટલુંજ નહિ પણ વૃદ્ધિ પામશે. પરને દુઃખ આપવાથી **સાધુપણું** કેમ મનાય? સાધુ શબ્દજ, નિર્મળતાની, સર્વને સંતોષ આપવાની, શાંતિ પ્રગટ કરવાની, નેકી પોકારે છે.

તો પછી **લાલનથી** તો બરાબર જણાતું પણ નથી, તો કહી શું શકે? તથાપિ તોતડો બાળક પણ **ડીમોસ્થનિશ** જેવા પ્રયત્નથી મહાવક્તા થાય છે, એટલુંજ નહિ પણ શુદ્ધ ભાવના પ્રમાણે વર્તનથી–ચારિત્રથી સોળ પ્રહર સુધી દેશના આપનાર, પરમાત્માને પગલે ચાલનાર, પરમાત્મા પુત્ર થોડા વર્ષ્ણ-વ્યથી પણ પરંપરાએ પરમાત્માપણું પણ પ્રાપ્ત કરે છે.

उपसंहार

પ્રિય વાંચક બંધુ–બ્હેન! પરમાત્માને પગલે ચાલનારા–પ્રભુ જ્યારે ગર્ભમાં છે ત્યારે આપણે પ્રભુ પાસેથી પરના હિતને માટે આત્મભોગ આપવો એ પાઠ શીખીએ છીએ. બીજું કયું કાર્ય કરવાથી હિત છે એ વિચારવું, પરંતુ તેમાં હિત ન જણાય તો સરલતાથી–જે કાર્યથી હિત થાય તે કાર્ય કરવું જોઇએ. હેતુ ને સાધ્ય ખોવાય નહિ અને જે ક્રિયાથી લાભ થાય–સાધ્ય પ્રાપ્ત થાય તેવડે ક્રિયામાં-

આચારમાં ફેરફાર પણ કરવો પડે તો કરવો જોઇએ. ચોથ–પાંચમની લડાઇમાં સકલ જૈન સાથે વૈર વિરોધ મૂકી મૈત્રીએ જોડનાર પ્રતિક્રમણ ગુણને ખોવો ન જોઇએ, પરંતુ ક્ષમાપૂર્વક પ્રતિક્રમણ કરવાં જોઇએ. આજ પ્રકારે જે જે ક્રિયાથી સાધ્ય દશા પ્રગટે તેવું કરવાથી જોઇએ તો આપણા નામ–દ્રવ્ય અને ભાવથી પ્રભુને પગલે ચાલનારા સ્થાનકવાસી હોઇએ; નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી પરમાત્માને પગલે ચાલનાર દિગંબર કે શ્વેતાંબર હોઇએ, ગુણ દૃષ્ટિપૂર્વક, ગુણ દૃષ્ટિ–સાધ્ય દૃષ્ટિપૂર્વક "ધર્મ વૃદ્ધિ" શબ્દથી શ્રાવકોને ધર્મ વધારવાને ઉત્તેજન આપનાર દિગંબર મુનિ હોઇએ, કે સાધ્ય દૃષ્ટિ પૂર્વક "ધર્મ લાભ" એ વચન વડે શ્રાવકોને ધર્મમાં વિશેષ લાભ થવા પ્રેરનાર શ્વેતાંબર સાધુ હોઇએ. ગંગા કહેવાથી, કે **સુર** નદી કહેવાથી, નામથી કે નામપૂર્વક સ્થાપનાથી એજ પ્રભુ પુત્ર સમજતા હોય, તો સમદૃષ્ટિથી મુક્તિ છે. એવું

માનનાર ત્રણે સંપ્રદાયો **વીરની સમદૃષ્ટિના** વિચાર રાખી પ્રવર્તે; તો હેતુ સાધ્ય થશે અને હેતુ સાધ્ય કરવો એજ **પરમાત્માને પગલે** (In His footsteps) ચાલવું છે.

સર્વમાં હેતુદૃષ્ટિ હો, અને
સાધનોની વિવિધતામાં
પ્રમોદ કે કરૂણા રાખો.
અધ્યાય પહેલો સંપૂર્ણ.

એટલું તો નિર્વિવાદ છે કે

જેનાં અજ્ઞાનરૂપી પડળ ખુલ્લાં થવાનાં હોય, દેશનો, કોમનો અને સ્વનો ઉદય એજ જેનો જીવન ઉદ્દેશ હોય, ઉંચી સ્થિતિએ ચડી કાંઈ પણ કીર્તીનાં કામો કરવાનું જેના નશીબમાં હોય, સંતાનોને દેશના વીરો બનાવવાનો જેનું નિશાન હોય, અને છેવટે આ અસાર સંસારને છોડી મુક્તિ મેળવી જીવન સાફલ્ય કરનાર હોય તેનેજ ઉત્તમ પુસ્તક વાંચવાનું મનન થાય છે.

વાંચવા વિચારવા અને મનન કરવા લાયક ઉત્તમોત્તમ પુસ્તકો તૈયાર છે.

આત્માવબોધકુલક યાને

આત્મજ્ઞાન.

અનુભવ રત્નચિંતામણી, અનુભવ સિદ્ધસ્વરૂપ;
અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ કેવળરૂપ.

સંસારના ભયનો જય અને મોક્ષની પ્રાપ્તિની ખાતરી અનુભવજ્ઞાનથીજ થાય છે.

મૂળ ગ્રંથકાર **શ્રીમદ્ જયશેખરસૂરી.**

સંસ્કૃતમાં છાયાકાર બનારસ પાઠશાળાના એક **વિદ્યાર્થી,** ગુજરાતમાં શબ્દાર્થ રૂપ અનુવાદન કરનાર એક **મુનિરાજ,** વિવેચનકાર સુપ્રસિદ્ધ વક્તા **પંડિત લાલન.**

ઉંચા કાગળ, સુંદર છપાઇ પાકું સુંદર પૂઠું, છતાં કિંમત માત્ર આઠ આના, પોષ્ટેજ ખર્ચ જુદું.

પંડિતશ્રીનાં બનાવેલ **પુસ્તકોનું યશોગાન** કરનાર તથા દરેક જૈન વ્યક્તિને વાંચવા આમંત્રણ કરનાર મહામુનિરાજો અને વર્તમાન **પત્રોના નામના પરિચય.**

ગ્રંથની અનુક્રમણિકા અથવા ગ્રંથમાં આવેલા ઉત્તમોત્તમ આત્મજ્ઞાનના **અપૂર્વ વિષયોમાંથી** માત્ર થોડાક વિષયોનું **દિગ્દર્શન.**

આત્મબોધ શાથી થાય છે? આત્માને જાણનારની સ્થિતિ કેવી હોય? આત્મજ્ઞાનથી કેટલો

ફાયદો થાય છે? દેહ કેવો આત્મહીન છે? શું સ્ત્રીની અભિલાષાવાળો મન વશ કરી શકે? કુટુંબનું મમત્વ કેવું છે? જોતો ખરો, તારૂં અંતરંગ કુટુંબ કેવું છે? **પંડિત લાલન** પોતાની આઠ સ્ત્રીઓને શું ઉપદેશ આપે છે? આત્માસ્થિતિનો વિચાર કરતાં શું થશે? મોક્ષનગરનું રાજ સહેજમાં કેમ પ્રાપ્ત થાય? કયું એકજ કાર્ય કરવું? વિગેરે અનેક આત્મજ્ઞાન થાય તેવા વિષયો આ પુસ્તકમાં છે. જેઓને મોક્ષનગરનું રાજ્ય મેળવવું હોય **તેઓએજ** આ પુસ્તક **વાંચવું.**

પંડિતશ્રીની કૃતિનાં પુસ્તકો.

૧	જૈનમાર્ગ પ્રારંભ પોથી ભાગ ૧	...	રૂ. ૦–૧–૦
૨	,, ,, ૨	...	રૂ. ૦–૧–૬
૩	જૈનમાર્ગ પ્રવેશીકા ભાગ ૧	...	રૂ. ૦–૨–૦
૪	,, ,, ૨	...	રૂ. ૦–૨–૦
૫	,, ,, ૩	...	રૂ. ૦–૪–૦
૬	શ્રી પરમજ્યોતિ પંચવિંશતી	...	રૂ. ૦–૮–૦
૭	નયકર્ણિકા	...	રૂ. ૦–૬–૦

સદ્વકતા—આવૃત્તિ બીજી. છટાદાર ભાષણ કરવાની રીત. આ ગ્રંથ માટે મરહુમ સાક્ષરરત્ન મણીલાલ નભુભાઇ બી. એ. અને વર્તમાન પત્રોએ એકી અવાજે પ્રસંશા કરી છે, અને સાથે જણાવ્યું છે કે આવું ઉત્તમ પુસ્તક ગુર્જર ભાષામાં હજી એક પણ બહાર પડયું નથી. આ ગ્રંથ દરેક વ્યક્તિ અવશ્ય વાંચશો. રૂ. ૦—૧૨—૦

મુનિ મહારાજ શ્રી રાજવિજયજી, મહારાજ શ્રી હંસવિજયજી, મહારાજ શ્રી ભક્તિવિજયજી, મહારાજ શ્રી કાંતિવિજયજી પ્રવર્તક, મહારાજ શ્રી કર્પુરવિજયજી, મહારાજ શ્રી મણિવિજયજી, તથા શ્રી નાનચંદજી અને ગુજરાતી ભાષામાં નિકળતાં વર્તમાનપત્રો એકી અવાજે પંડિતશ્રીની કૃતિના પુસ્તકોને વખાણે છે અને દરેકને વાંચવા ભલામણ કરે છે.

પંડિતશ્રીનાં તમામ પુસ્તકો મળવાનું ઠેકાણું.

મેસર્સ મેઘજી હીરજીની કંપની.

પાયધુની નં. ૫૬૬—**મુંબઈ.**

માત્ર થોડી નકલોજ બાકી છે.

વિદ્યાચંદ્ર અને સુમતિ.

(સુંદર દીલાકર્ષક ૧૨ ચિત્રો સહીત.)
(અત્યંત પ્રસંશા પામેલી રસીક નવલકથા.)
(સંસાર ચરિત્રનું અદ્ભુત દિગ્દર્શન.)

દરેક માણસે અવસ્ય વાંચવા, વિચારવા અને મનન કરવા લાયક ગૃહ લાયબ્રેરીના આભૂષણ રૂપ મોટું રોયલ બાર પેજી ૩૭૭ પાયાનું, પાકી સુંદર બાઈંડીંગવાળું, દળદાર પુસ્તક જેની મૂળ કિં. રૂ. ૧–૮–૦ છે, તે વાંચનનો શોખ વધારી બાળલગ્ન, વૃદ્ધ વિવાહ અને કન્યા વિક્રયના દુષ્ટ રિવાજોને દેશ નિકાલ કરવાના ઉચ્ચ ઉદ્દેશથી ઘટાડીને રૂ. ૧–૦–૦ ફક્ત રાખેલ છે.

આ પુસ્તકની દશ હજાર જેટલી નકલો ફક્ત થોડાજ મહીનામાં ખપી જવા આવી છે. તેજ તેની ઉપયોગીતા દર્શાવવાને પુરતું છે. એ પુસ્તકના ફેલાવવા માટે જુદા જુદા સહૃદય સજ્જનો તરફથી રૂ. ૫૦૦૦ જેટલી રકમ મદદ રૂપે આપેલી છે જે તેના માટે લોક લાગણી બનાવવાને પુરતું છે.

૧. પ્રેમથી મુક્તિ-સુપ્રસિદ્ધ વક્તા મુનિ મહારાજ શ્રી ચારિત્રવિજયજી કૃત. એ નામનું પુસ્તક ખાસ વાંચવા વિચારવા અને મનન કરવા જોગ છે. તેમાં પ્રેમના પૃથક્કરણપૂર્વક મુક્તિની સાધનામાં પ્રેમ કેટલે અંશે ઉપયોગી છે, તે ઘણીજ અસરકારક અને બળવાન દલીલોથી પુરવાર કર્યું છે. જૈન તેમજ જૈનેતર વિચારકો કિંવા વિદ્વાન્ પુરૂષો એક સરખા પ્રેમ અને ઉત્સાહથી વાંચી શકે એવો રસ અને પ્રબંધ ફતેહમંદ રીતે સાચવ્યો છે **પુસ્તક માટે અનેક ઉત્તમોત્તમ અભિપ્રાયો મળ્યા છે. ૦-૮-૦.**

૨. લેખ સંગ્રહ—ઉક્ત પ્રસિદ્ધ વક્તા મુનિમહારાજશ્રીની તેજસ્વી લેખિનીથી આજ સુધીમાં લખાયેલ તમામ લેખોનો સંગ્રહ આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવ્યો છે. તેમાં જૈન સમાજના તથા આર્ય પ્રજાના આવશ્યક ધાર્મિક નૈતિક તથા સમાજીક પ્રશ્નો વિષે પૂર્ણ સ્વતંત્રતા તથા વિદ્વતાપૂર્વક ઉહાપોહ કરવામાં આવ્યો છે. પાકું સુંદર પૂઠું છતાં કિંમત ૦-૧૨-૦.

૩. ધર્મબીન્દુ—(શ્રી હરિભદ્રસૂરી કૃત) ભાષાંતર કર્તા મણીલાલ નથુભાઇ બી. એ. ભાષાંતર કર્ત્તાએ સ્વતંત્ર રીતે અને વિશાળ દૃષ્ટિએ વિવેચન કર્યું છે, જે જમાનાને બોધ આપવાને અતિ ઉપયોગી છે. પૃષ્ઠ ૪૫૦ પાકું બાઇન્ડીંગ. કીં. રૂ. ૨—૦-૦ છે.

૪. રાજકુમારી સુદર્શના યાને સમળી વિહાર—મૂળ ગ્રંથ કર્તા ચિત્રવાળા ગચ્છિય શ્રીમાન્ દેવેંદ્રસૂરિ. ભાષાંતર કર્તા પન્યાસ **કેશરવિજય ગણી.** **આ ગ્રંથમાં શું વાંચશો**—સિંહલદ્વીપમાં જન્મેલી રાજકુમારી સુદર્શનાને પોતાનો પૂર્વભવ સ્મરણમાં આવે છે, અને તેથી ભરૂચ શહેરમાં આવે છે, અને પોતાના પૂર્વભવના સ્થાનમાં એક વિહાર બનાવે છે, જેનું નામ સમળીવિહાર પાડવામાં આવે છે. આ મૂળ કથાનકને એવી તો રસ ઉપજાવે તેવી રીતે ગુંથવામાં આવ્યું છે કે વાંચકવર્ગ તે આગળ ને આગળ વાંચવા દોરવાય છે. ૨૮ ફર્મા ૪૫૦ પાનાનું, પાકા બાઇન્ડીંગનું છતાં કીં. ૦—૮—૦

અનુક્રમ.

શુદ્ધિપત્ર.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૨	૧૭	૨	૧
૧૩	૫	ચિતારો	ચિતારા
૧૪	૨	મનુષ્ય જાત	મનુષ્ય
૧૮	૧૫	વૃત્તિપર	વૃત્તિપર ક્રોધ
૨૦	૧૩	દશમં	દશામાં
૨૧	૧૧	દાશરથિ	દશરથ
,,	,,	દશરથ	દાશરથિ
૨૨	૬	મોક્ષ	મોક્ષે
૨૩	૧૩	જીનમાં	જિનમાં
૨૪	૨	દર્શવાન્ છે.	દર્શવાન્.
,,	૭	જ્ઞાતિપાળો	જ્ઞાતિવાળા
૩૨	૧૫	ભાક્ત	ભક્તિ
૪૧	૧૦	દેવાધદેવ	દેવાધિદેવ
૫૩	૧	આ ગ્રંથ	આ ગ્રંથની પહેલી આવૃત્તિ.
,,	૨	આવ્યો છે.	આવી છે.